Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૪૯ ● સળંગ અંક : ૧૧૩૭ ● પ્રકાશિત તા-૨૧-૧૦-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-




જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## IMA ગુજરાત દ્વારા રાજ્ય કક્ષાનો

# નવા વાડજના ડૉ. જીગ્નેશ શાહને 'બેસ્ટ લોકલ બ્રાન્ચ પ્રેસિડન્ટ' એવોર્ડ જાહેર..!!



અમદાવાદ : ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેના વાર્ષિક એવોર્ડ્સની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સમગ્ર ગુજરાતભરમાંથી વિવિધ બ્રાન્ચોમાંથી અમદાવાદ મેડિકલ એસોસિએશનના (AMA) પ્રમુખ તરીકે નવા વાડજના જાણીતા તબીબ ડૉ. જીગ્નેશ સી. શાહની 'ડૉ. અનિલકુમાર જે. નાયક બેસ્ટ લોકલ બ્રાન્ચ પ્રેસિડન્ટ એવોર્ડ' માટે પસંદગી કરવામાં આવી છે.

રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬ના સમયગાળા દરમિયાન અમદાવાદ મેડિકલ એસોસિએશનના પ્રમુખ તરીકે નવા વાડજ સ્થિત જિગીષા મલ્ટિસ્પેશ્યાલીટી હોસ્પિટલના જાણીતા તબીબ ડૉ. જીગ્નેશ સી. શાહ કાર્યરત રહ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા હાથ ધરવામાં આવેલી સભ્ય નોંધણીની કામગીરી અને વિવિધ તબીબી-સામાજિક પ્રવૃત્તિઓની નોંધ લઈને રાજ્ય શાખા દ્વારા આ બહુમાન કરવાનો નિર્ણય લેવાયો છે.

આ ઉપરાંત, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા ડૉ. જીગ્નેશ સી. શાહના કાર્યકાળ દરમિયાન અમદાવાદ મેડિકલ એસોસિએશનની શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ વધુ બે પ્રતિષ્ઠિત ટ્રોફી માટે પણ પસંદગી કરવામાં આવી છે.જેમાં અમદાવાદ મેડિકલ એસોસિએશનને ૧૦૦૧ કે તેથી વધુ સભ્યો ધરાવતી શાખા માટેની મેમ્બરશિપ ડ્રાઈવ ટ્રોફી તેમજ ડૉ. જે. આર. જાજુ ટ્રોફી માટે પસંદ કરાઈ હોવાનું જણાવાયું છે. આ પસંદગી વર્ષ ૨૦૨૫-૨૬ માટે કરવામાં આવી છે.

આગામી ૩૧ ઑક્ટોબરના શનિવાર રોજ ગુજરાત સ્ટેટ બ્રાન્ચની વાર્ષિક કોન્ફરન્સ GIMACON–૨૦૨૬ દરમિયાન યોજાશે. મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલા શંકુઝ વોટર પાર્ક એન્ડ રિસોર્ટ ખાતે યોજાનાર આ રાજ્યકક્ષાના સંમેલનમાં ડૉ. જીગ્નેશ સી. શાહને 'ડૉ. અનિલકુમાર જે. નાયક બેસ્ટ લોકલ બ્રાન્ચ પ્રેસિડન્ટ એવોર્ડ' અને અમદાવાદ મેડિકલ એસોસિએશનને આ સન્માન અર્પણ કરવામાં આવશે.

આ સિદ્ધિ બદલ IMA ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા ડૉ. જીગ્નેશ સી. શાહ અને અમદાવાદ મેડિકલ એસોસિએશનને વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. જીગ્નેશ સી. શાહ અને અમદાવાદ મેડિકલ એસોસિએશનને આ ગૌરવવંતો એવોર્ડ પ્રાપ્ત થવા બદલ સમગ્ર તબીબી આલમ અને સાથી તબીબો તરફથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દેશના ૨૮ રાજ્યો અને ૫ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિસ્તરેલું છે, જેમાં સમગ્ર દેશભરમાં ૧૭૦૦ થી પણ વધુ સ્થાનિક શાખાઓ સક્રિય છે. આવા વિશાળ સંગઠનમાં રાજ્ય સ્તરે ડૉ. જીગ્નેશ સી. શાહ અને અમદાવાદ મેડિકલ એસોસિએશને મેળવેલી આ ત્રેવડી સિદ્ધિ સમગ્ર અમદાવાદવાસીઓ અને સમગ્ર અમદાવાદના તબીબી જગતમાં હર્ષ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

## AMCનો ચંદ્રભાગા ડક્ટ પ્રોજેક્ટ

# વાડજ-રાણીપ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી રાહત આપશે

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : અમદાવાદના વાડજ-રાણીપ વિસ્તારમાં આવેલા ચંદ્રભાગા કેચમેન્ટ વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ ચંદ્રભાગા ડક્ટ પ્રોજેક્ટ હવે પરિવર્તનની દિશામાં આગળ વધી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં આશરે ૧,૨૦૦ મીટર ડક્ટનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે,જેના પરિણામે વરસાદી પાણીના પ્રવાહને યોગ્ય દિશા આપવા અને પાણીના ભરાવાની સમસ્યા ઘટાડવામાં મદદ મળી છે. આ પ્રોજેક્ટથી વાડજ-રાણીપ વિસ્તારમાં ચોમાસા દરમિયાન થતી વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી રાહત મળી શકે છે.





AMCના જણાવ્યા અનુસાર, ચંદ્રભાગા કેચમેન્ટ વિસ્તારમાં અગાઉ વરસાદી પાણી અને ગટરનું પાણી એકસાથે વહેવાને કારણે પાણીના નિકાલમાં મુશ્કેલી ઊભી થતી હતી. ખાસ કરીને ભારે વરસાદ દરમિયાન બકરામંડી અને જોગેશ્વરી સોસાયટીના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે રહેણાક મકાનોમાં પાણી ઘૂસી જવાની સમસ્યા સર્જાતી હતી. નાળામાં પાણીનો બેકફ્લો, ગાદ-માટીનો જમાવ અને પાણીના પ્રવાહમાં અવરોધને કારણે સ્થિતિ વધુ ગંભીર બનતી હતી. પાણીમંગાવો

આ સમસ્યાના ઉકેલ માટે ડક્ટમાં પાણીના પ્રવાહને યોગ્ય દિશા આપવા, નાળાની સફાઈ કરવા, ગાદ દૂર કરવા અને જરૂરી સ્થળોએ ડ્રેનેજ કનેક્ટિવિટી સુધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ સંબંધિત વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારે વરસાદ વખતે ૦થી ૧૩૦૦ ચેઈનેજ સુધીના વિસ્તારોમાં આ કામગીરીનો લાભ મળ્યો હતો. ખાસ કરીને ૦થી ૫૦૦ ચેઈનેજ સુધીના બકરામંડી વિસ્તારમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસવાની સમસ્યામાં મહદઅંશે સુધારો નોંધાયો હોવાનું જણાવાયું છે.

૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાણીપ વિસ્તારમાં પડેલા ભારે વરસાદ દરમિયાન ચંદ્રભાગા કેનાલમાં પાણીનો પ્રવાહ આશરે ૧૧૬.૮ ક્યુબિક મીટર પ્રતિ સેકન્ડ નોંધાયો હતો. જ્યારે પ્રોજેક્ટની વિગતોમાં કેનાલની કુલ કેરિંગ કેપેસિટી ૨૩૩.૬ ક્યુબિક મીટર પ્રતિ સેકન્ડ દર્શાવવામાં આવી છે. જોકે, પ્રોજેક્ટની અસરકારકતાનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવા માટે વરસાદની તીવ્રતા, પાણી ભરાવાની સ્થિતિ અને પાણીના નિકાલમાં લાગેલો સમય જેવા પરિબળો પણ મહત્ત્વપૂર્ણ રહેશે.

પાણીના નિકાલમાં અવરોધ ન સર્જાય તે માટે AMCની ફિલ્ડ ટીમ દ્વારા ડક્ટ અને આસપાસના વિસ્તારોનું નિરીક્ષણ કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ ડીસિલ્ટિંગ મશીન, JCB અને અન્ય મશીનરીની મદદથી ગાદ, માટી, ઝાડ-ઝાંખરા તથા અન્ય અવરોધો દૂર કરવામાં આવે છે. ચેઈનેજ નંબર ૧૩૦૦થી ૧૫૦૦ સુધીના વિસ્તારમાં પણ પાણીના પ્રવાહને અવરોધતા પરિબળો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.









### હાઉસિંગ બોર્ડની જમીન ફ્રી-હોલ્ડ કરવા સરકારની કવાયત વચ્ચે

# રીડેવલપમેન્ટ પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવા રજૂઆત

## રીડેવલપમેન્ટને વેગ આપવા પારદર્શક ટેન્ડર પ્રક્રિયા, ફાસ્ટટ્રેક કોર્ટ, સિંગલ વિન્ડો સિસ્ટમ અને લઘુત્તમ ૪૦ ટકા વધારાનો કાર્પેટ એરિયા આપવાની માગ

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં હાઉસિંગ બોર્ડની લીઝહોલ્ડ જમીનને ફ્રીહોલ્ડમાં રૂપાંતરિત કરીને રહેવાસીઓને માલિકી હક આપવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ ચાલી રહી હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ મામલે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ સાથે ચર્ચા કરીને નીતિ ઘડવાની અને તેનો અમલ કરવાની વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળે છે. અહેવાલો મુજબ, સંભવિત નીતિ હેઠળ નક્કી કરાયેલા દરે, જંત્રીના બમણા દરના આધારે, જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને લાભાર્થીઓ જમીન પરના પોતાના કબજેદારના દરજ્જાને બદલે માલિકી હક મેળવી શકે તેવી વ્યવસ્થા ઊભી થઈ શકે છે. જોકે, આ અંગેની સત્તાવાર નીતિ અને નિયમોની જાહેરાત થવાની બાકી છે.

બીજી તરફ, રાજ્ય સરકાર રીડેવલપમેન્ટ પોલિસીમાં પણ ફેરફાર કરવાનું વિચારી રહી હોવાની ચર્ચા વચ્ચે હાઉસિંગ એસોસિએશન રીડેવલપમેન્ટ ફેડરેશનના પ્રણેતા સંદીપ ત્રિવેદીએ રીડેવલપમેન્ટની પ્રક્રિયાને સરળ, ઝડપી અને વધુ પારદર્શક બનાવવા માટે ૧૭ મહત્ત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા છે. તેમના મતે, આ સૂચનોનો નીતિમાં સમાવેશ કરવામાં આવે તો ગુજરાતમાં જૂની હાઉસિંગ સોસાયટીઓના પુનર્વિકાસને વેગ મળી શકે છે અને રહેવાસીઓના હિતોનું વધુ સારી રીતે રક્ષણ થઈ શકે છે.

### રીડેવલપમેન્ટ માટે ત્રણ વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની માગ

સંદીપ ત્રિવેદીએ સૂચવ્યું છે કે રીડેવલપમેન્ટ માટે વર્તમાન સરકારની મધ્યસ્થીથી અમલમાં મૂકી શકાય તેવો વિકલ્પ, સુઓમોટો સ્વિસ ચેલેન્જ પ્રક્રિયાનો વિકલ્પ અને લીઝહોલ્ડ જમીનને ફ્રીહોલ્ડમાં રૂપાંતરિત કરવાનો વિકલ્પ-આ ત્રણેય વ્યવસ્થાઓ લોકો માટે ઉપલબ્ધ હોવી જોઈએ. ફ્રીહોલ્ડનો વિકલ્પ લોકાર્પણ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાની પણ તેમણે રજૂઆત કરી છે, જેથી લાભાર્થીઓને જમીનની માલિકી હક મેળવવાની તક મળી શકે.

### ફ્રી એફએસઆઈ વધારવા અને હાર્ડશિપ વળતર આપવા પર ભાર

રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ આર્થિક રીતે વ્યવહારુ બને અને રહેવાસીઓને વધુ લાભ મળી શકે તે માટે ફ્રી એફએસઆઈની મર્યાદા વધારવાની માગ કરવામાં આવી છે. સાથે જ, પ્રોજેક્ટ દરમિયાન રહેવાસીઓને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે હાર્ડશિપ કોમ્પેન્સેશન એટલે કે મુશ્કેલી બદલ યોગ્ય વળતર મળી રહે તેવી જોગવાઈ કરવાની જરૂરિયાત પણ દર્શાવવામાં આવી છે.

આ ઉપરાંત, રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં અસંમત સભ્યોના પ્રશ્નોનું નિરાકરણ આવે અને કાયદાકીય અડચણોને કારણે પ્રોજેક્ટ લાંબા સમય સુધી અટકી ન રહે તે માટે કાયદામાં સ્પષ્ટ અને ફરજિયાત જોગવાઈઓ કરવાની માગ કરવામાં આવી છે. આ પ્રકારના વિવાદોના ઝડપી નિકાલ માટે વિશેષ ફાસ્ટટ્રેક કોર્ટની વ્યવસ્થા ઊભી કરવાનું પણ સૂચવાયું છે.

### ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા સૂચનો

રીડેવલપમેન્ટના ટેન્ડર બેઝ પ્રાઈસના આધારે પાડવાની વ્યવસ્થા હોવી જોઈએ, તેવી રજૂઆત કરવામાં આવી છે. ટેન્ડર તૈયાર કરતી વખતે, એસ્ટિમેટ બનાવતી વખતે અને પ્રોજેક્ટને મંજૂરી આપતી વખતે જરૂરી તમામ ગણતરીઓ ફરજિયાત કરવી જોઈએ. આ ગણતરીઓ અને સંબંધિત વિગતો બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવી જોઈએ, જેથી રહેવાસીઓ અને અન્ય હિતધારકોને પ્રોજેક્ટની નાણાકીય વિગતોની જાણકારી મળી રહે.

સાથે જ, રીડેવલપમેન્ટ માટે પારદર્શક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરીને તેનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાની માગ પણ કરવામાં આવી છે.

### સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત અને સિંગલ વિન્ડો સિસ્ટમની જરૂરિયાત

રીડેવલપમેન્ટના લાભાર્થીઓ પર આર્થિક બોજ ઓછો થાય તે માટે સ્ટેમ્પ ડ્યૂટીના ખર્ચમાં રાહત આપવાની માગ કરવામાં આવી છે. વિવિધ વિભાગોની મંજૂરીઓ મેળવવામાં થતો વિલંબ દૂર કરવા માટે સિંગલ વિન્ડો સિસ્ટમ અમલમાં મૂકવાનું પણ સૂચવાયું છે.

આ ઉપરાંત, રીડેવલપમેન્ટ દરમિયાન ઊભી થતી અને ભવિષ્યમાં ઊભી થઈ શકે તેવી આનુષંગિક સમસ્યાઓનું સમયસર નિરાકરણ આવે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને પાણી, ગટર, રસ્તા, વીજળી અને અન્ય જીવનજરૂરી સુવિધાઓનું આયોજન પણ પ્રોજેક્ટની શરૂઆતથી જ કરવામાં આવે તે જરૂરી હોવાનું સૂચનોમાં ભારપૂર્વક જણાવાયું છે.

### સમયમર્યાદા બાદ ભાડામાં દોઢા કે બમણા વળતરની માગ

રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાં ઘણી વખત નિર્ધારિત સમયમર્યાદા કરતાં વધુ સમય લાગતો હોવાની સમસ્યાને ધ્યાનમાં રાખીને, જો પ્રોજેક્ટ સમયસર પૂર્ણ ન થાય તો સમયમર્યાદા પૂરી થયા બાદ એસોસિએશનના સભ્યોને મળતું ભાડું દોઢું અથવા બમણું કરવાની જોગવાઈ હોવી જોઈએ, તેવી માગ કરવામાં આવી છે.

આવી વ્યવસ્થા અમલમાં આવે તો પ્રોજેક્ટમાં વિલંબ થવાના સંજોગોમાં રહેવાસીઓને પડતી આર્થિક મુશ્કેલીઓમાં રાહત મળી શકે છે અને સમયસર કામ પૂર્ણ કરવા માટે સંબંધિત પક્ષો પર જવાબદારી પણ વધશે.

કાર અને ટુ-વ્હીલર પાર્કિંગનું યોગ્ય આયોજન ફરજિયાત બને રીડેવલપમેન્ટ હેઠળ જેટલા રહેણાક યુનિટ બનાવવામાં આવે તે પ્રમાણે પૂરતું કાર પાર્કિંગ અને સ્કૂટર સહિતનાં ટુ-વ્હીલર માટે પાર્કિંગની સુવિધા ફરજિયાત રીતે આયોજનમાં સામેલ હોવી જોઈએ. પાર્કિંગની વિગતો માત્ર પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી નક્કી કરવાને બદલે શરૂઆતના નકશા અને પ્લાનિંગમાં જ દર્શાવવામાં આવે અને મંજૂરી પ્રક્રિયાનો ભાગ બનાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

તે ઉપરાંત, નિયમો અનુસારના યુનિટ પ્લાન, ક્લસ્ટર પ્લાન, લેઆઉટ પ્લાન અને પાર્કિંગ પ્લાન ટેન્ડરની શરૂઆતથી જ સામેલ હોવા જોઈએ અથવા જાહેર જનતાને અગાઉથી ઉપલબ્ધ કરાવવા જોઈએ. આથી રહેવાસીઓને પ્રોજેક્ટની વાસ્તવિક વિગતો, ઉપલબ્ધ સુવિધાઓ અને આયોજન અંગે અગાઉથી સ્પષ્ટતા મળી શકે.

### વધારાના કાર્પેટ એરિયા માટે મહત્ત્વપૂર્ણ સૂચન

સંદીપ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલા સૂચનોમાં સૌથી મહત્ત્વનો મુદ્દો હયાત કાર્પેટ એરિયાની સરખામણીએ મળતા વધારાના કાર્પેટ એરિયાની મર્યાદા અંગેનો છે. હાલ મહત્તમ ૪૦ ટકા વધારાનો કાર્પેટ એરિયા મળવાની જોગવાઈને બદલે લઘુત્તમ ૪૦ ટકા વધારાનો કાર્પેટ એરિયા આપવાની જોગવાઈ કરવી જોઈએ, તેવી માગ કરવામાં આવી છે.

તેમના મતે, આ ફેરફારથી રીડેવલપમેન્ટમાં જોડાનારા રહેવાસીઓને મળતા લાભ અંગે સ્પષ્ટતા આવશે અને તેમના હિતોને વધુ સારી રીતે સુરક્ષિત કરી શકાશે.

### રીડેવલપમેન્ટને વેગ આપવા સરકાર સમક્ષ રજૂઆત

ગુજરાતમાં જૂની હાઉસિંગ સોસાયટીઓના રીડેવલપમેન્ટને વધુ સરળ, ઝડપી અને રહેવાસીલક્ષી બનાવવા માટે સંદીપ ત્રિવેદીએ રજૂ કરેલા આ સૂચનોમાં જમીનની માલિકીથી લઈને પારદર્શક ટેન્ડર પ્રક્રિયા, કાયદાકીય વિવાદો, નાણાકીય રાહત, પાર્કિંગ, મૂળભૂત સુવિધાઓ અને સમયસર પ્રોજેક્ટ પૂર્ણ કરવા સુધીના વિવિધ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

હવે રાજ્ય સરકાર રીડેવલપમેન્ટ પોલિસીમાં કોઈ ફેરફાર કરે તો આ સૂચનોને કેટલું મહત્ત્વ આપવામાં આવે છે અને રહેવાસીઓના હિતમાં કઈ જોગવાઈઓનો સમાવેશ થાય છે તેના પર હાઉસિંગ સોસાયટીઓ તથા રીડેવલપમેન્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોની નજર રહેશે.

### અમદાવાદમાં ૧૫ વર્ષ જૂની ઈમારતોની સુરક્ષા તપાસ માટે AMCની ફરી કવાયત;

# જૂની ઈમારતો માટે સ્ટ્રક્ચરલ સેફ્ટી સર્ટિફિકેટ ફરજિયાત

અમદાવાદ : શહેરની ઈમારતોની માળખાકીય સુરક્ષાને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ફરી સક્રિય થયું છે. ૧૫ વર્ષથી જૂની ઈમારતોની સ્ટ્રક્ચરલ તપાસ કરાવીને સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ (માળખાકીય સ્થિરતા પ્રમાણપત્ર) રજૂ કરવા માટે AMCએ ફરી જાહેર સૂચના આપી છે.

AMCની સૂચના અનુસાર, ૧૫ વર્ષથી જૂની ઈમારતોના માલિકો અને મેનેજમેન્ટે લાયકાત ધરાવતા સ્ટ્રક્ચરલ એન્જિનિયર પાસે ઈમારતની તપાસ કરાવવાની રહેશે. તપાસ દરમિયાન જે સમારકામ કે જાળવણીની જરૂરિયાત જણાય તે પૂર્ણ કરાવ્યા બાદ સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ સંબંધિત ઝોનલ કચેરીમાં જમા કરાવવાનું રહેશે.આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ ઈમારતોની મજબૂતીનું મૂલ્યાંકન કરવો, સંભવિત જોખમો ઓળખવા અને સમયસર જરૂરી સમારકામ કરાવીને રહેવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

મિડીયા રિપોર્ટ મુજબ, રાજ્ય સરકારે ૩૦ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદના જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ (GDCR)માં આ જોગવાઈ સામેલ કરી હતી. ત્યારબાદ ૨૦૧૭માં તેને કોમ્પ્રિહેન્સિવ GDCR (CGDCR)માં સ્થાન આપવામાં આવ્યું હતું અને ૨૦૧૯માં તેના અમલ અંગે ફરી આદેશ આપવામાં આવ્યા હતા.નિયમ હોવા છતાં લાંબા સમય સુધી તેનો અસરકારક અમલ થયો ન હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

ઓગસ્ટ ૨૦૨૪માં AMCના તત્કાલીન કમિશનરે ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી રહેણાક ઈમારતો અને ૧૫ વર્ષથી જૂની વ્યાપારી ઈમારતો માટે સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ મેળવવા અને રજૂ કરવા ૧૫ દિવસની મુદત આપી હતી. તેમ છતાં નિયમનું પાલન અપેક્ષા મુજબ થયું ન હોવાનું અગાઉના અહેવાલોમાં સામે આવ્યું હતું.

AMCના એક અધિકારીના જણાવ્યા અનુસાર, સામાન્ય રીતે આવી પ્રમાણપત્ર પ્રક્રિયા ત્યારે જ હાથ ધરવામાં આવે છે જ્યારે કોઈ ઈમારતને જર્જરિત અથવા જોખમી જાહેર કરીને નોટિસ આપવામાં આવે. પરંતુ નિયમ મુજબ નિર્ધારિત શ્રેણીમાં આવતી ઈમારતોની નિયમિત તપાસ થવી જરૂરી છે.

AMC દ્વારા ફરી જાહેર સૂચના બહાર પાડવામાં આવી છે, પરંતુ પાલન માટેની અંતિમ તારીખનો ઉલ્લેખ ન હોવાથી નિયમનું વાસ્તવિક અમલીકરણ કેટલું અસરકારક રહેશે તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.

શહેરમાં જૂની ઈમારતોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માત્ર જાહેર સૂચના પૂરતી નથી. નિયમિત તપાસ, પ્રમાણપત્રો રજૂ કરવાની વ્યવસ્થિત પ્રક્રિયા, જરૂરી સમારકામ અને નિયમોનું પાલન ન કરનાર સામે યોગ્ય કાર્યવાહી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

હવે જોવાનું એ રહેશે કે AMC આ વખતે નિયમને માત્ર કાગળ પર રાખવાને બદલે કેટલા અસરકારક રીતે અમલમાં મૂકે છે અને શહેરની જૂની ઈમારતોની સુરક્ષા માટે કયા નક્કર પગલાં ભરે છે.

સ્રોતઃ ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, અમદાવાદ આવૃત્તિ.

## મેઘનાથ અને કુંભકર્ણના પૂતળાનું પણ દહન કરાયું

# અમદાવાદમાં સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૫૧ ફૂટના રાવણનું દહન

અમદાવાદ : અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા એઈસી ગ્રાઉન્ડ ખાતે દશેરાની ઉજવણીના ભાગરૂપે ૫૦ થી ૫૧ ફૂટ ઊંચા રાવણનું દહન કરવામાં આવ્યું.જ્યારે મેઘનાથ અને કુંભકર્ણના ૩૫ ફૂટ ઊંચા પૂતળાનું પણ દહન કરાયું.રાવણ દહનની સાથે આતશબાજી અને વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતુ. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્યમ મહેમાન બન્યાં હતા. શહેરના મેયર હિતેશ બારોટ સહિત મોટા ભાગના ભાજપના નેતાઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.




રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેરમાં થલતેજ વિસ્તારમાં દુરદર્શન ટાવર પાસે આવેલા એઈસી ગ્રાઉન્ડ ખાતે રાવણ દહનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૨ ફૂટ ઊંચા રાવણના પૂતળું તૈયાર કરવામાં આવ્યું હતું. રાવણની સાથે સાથે ૩૫ થી ૪૦ ફૂટ ઊંચા મેઘનાથ અને કુંભકર્ણના પૂતળાઓનું પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે દહન કરવામાં આવ્યું હતું. તેમણે આધુનિક તકનીકથી રિમોટનું બટન દબાવીને મેઘનાદ, કુંભકર્ણ અને રાવણના મહાકાય પૂતળાનું દહન કર્યું હતું.

અમદાવાદમાં પહેલી વખત આટલા મોટા રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. લગભગ એક અઠવાડિયાથી રાવણ દહનના કાર્યક્રમ અંગેની તૈયારીઓ કરવામાં આવી રહી હતી. આ માટે શહેરના તમામ ધારાસભ્યો અને નેતાઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. શાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદના તમામ નાગરિકોને રાવણ દહનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

રાવણ દહન ઉપરાંત શાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિજયાદશમી મહોત્સવ - ૨૦૨૬ અંતર્ગત અમદાવાદમાં ડાયરો અને રાવણદહનના કાર્યક્રમ યોજાયો હતો. સાંઈરામ દવેની ટીમ દ્વારા ડાયરો પ્રસ્તુત કરાયો હતો.વિશાળ આયોજનમાં મોટી સંખ્યામાં લોકો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

આ ઉપરાંત અમદાવાદના ભાડજના હરે કૃષ્ણ મંદિર, ગાંધીનગર ખાતે ભવ્ય રાવણદહન અને રામલીલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું અને મહેમદાવાદના સિદ્ધિ વિનાયક મંદિરે ૬૧ ફૂટ ઊંચાં રાવણનાં પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

## દિવાળીએ ફટાકડાના ઉંચા ભાવ ગ્રાહકોના ખિસ્સા પર બોજ વધારશે

# ફટાકડાના ભાવમાં ૩૦ થી ૫૦ ટકાનો તોતિંગ વધારો થવાની ધારણા

## કેમિકલના વધતા ભાવ, શિપિંગમાં વિલંબ અને માંગ-પુરવઠા વચ્ચેના અસંતુલનને કારણે કિંમતો મોટો ઉછાળા

અમદાવાદ : આ દિવાળીએ આકાશને રોશની ઝળહળાવવું ગ્રાહકોના ખિસ્સા પર બોજમાં વધારો કરશે. કારણ કે વિવિધકેટેગરીના ફટાકડાના ભાવમાં ૩૦ થી ૫૦ ટકાનો વધારોથવાની ધારણા છે. ગ્રાહકો પર આ બોજ મુખ્યત્વે ભૌગોલિક-રાજકીય તણાવને પગલે કેમીકલના ભાવમાં થયેલા વધારા શિપીગમાં વિલંબ અને તમીલનાડુના શિવાકાશીમાં માંગ તેમજ પુરવઠો વચ્ચે સર્જાયેલા અસંતુલનને કારણે આવી રહયો છે. તેમ ફટાકડા ઉધોગના સુત્રોએ જણાવ્યું હતું. ભારતના ફટાકડાના પાટનગર ગણાતા શિવાકાશીના દેશના કુલ ઉત્પાદનમાં આશરે ૯૦ ટકા હિસ્સો છે. જે ૧,૦૭૦ લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદન એકમો મારફતે વાર્ષિક આશરે, ૭,૦૦૦ કરોડનું ટર્નઓવર નોધાવે છે. ઈન્ડીયાન ફાયરવર્કસ એસોસીએશને જણાવ્યું હતું કે, કાચા માલના ભાવ વધારાને કારણે કિંમતો વધી રહી છે. અને ઉત્પાદનોમાં આધારે તેમાં ૩૦ ટકાથી ૫૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. કાચા માલ સિવાયના અન્ય સમગ્ર ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થયો છે. જેમાં કે કાગળ, ડુપ્લેક્ષ બોર્ડ, દોરો, લેબલ્સ અને અન્ય ઘણી સામગ્રી સામેલ છે. મહત્વની બાબત એ છેકે કેટલાક એકમો બંધ થવાને કારણે આ વર્ષે માંગ પણ વધી છે. જેના કારણે ઉત્પાદકો ગ્રાહકોને અગાઉની જેમ ડીસ્કાઉન્ટ આપવા તૈયાર નથી. શિવાકાશી ફાયરવર્કસ મેન્યુફેકચર્સ એસોસીએશને જણાવ્યું હતુંકે, કેટલીક રાજય સરકારને ફટાકડા પરના સંપૂર્ણ પ્રતિબંધમાં છુટછાટ આપી છે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટનો હકારાત્મક અભીગમ પણ આ વર્ષે વેચાણને વેગ આપી રહયો છે. જોકે, બીજી તરફ વિવિધ કાચા માલના ભાવમાં કયારેય ન થયો હોય તેટલો વધારો નોંધાયો છે. ફટાકડા માટે મુખ્ય કાચો માલ ગણાતા સફરનો ભાવ પ્રતિ કિલો રૂા.૭૫થી વધીની રૂા.૧૪૦ સુધી પહોચી ગયો હતો. જે બાદમાં ઘટીને રૂા.૧૦૦ થયો છે. આ ઉપરાંત એલ્યુમીનીયમ સોડીયમ નાઈટ્રેટ અને સોરાના ભાવમાં પણ વધારો થયો છે. કાચા માલના ખર્ચમાં સરેરાશ આશરે ૩૦ ટકાનો વધારો થયો છે. ઈંધણના ભાવ વધારાને કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ ઉંચો છે. આ બાબત નફાના માર્જિનને અસર કરી રહી છે અને અંતે ફિનિશ્ડ પ્રોડકટ પર અસર કરશે. ઉત્પાદકોના જણાવ્યા મુજબ આ સિઝનમાં ભારે માંગને પહોચી વળવા માટે નિર્ધારીત ઉત્પાદનમાંથી લગભગ ૬૦ ટકા ઉત્પાદન પુર્ણ કરી લેવામાં આવ્યું છે.

### રિવરફ્રન્ટ ઉપર રૂફટોપ પ્રીમિયમ રેસ્ટોરન્ટ બનાવવા માટે કવાયત

અમદાવાદ : સાબરમતી રિવરફ્રન્ટ ઉપર મુલાકાતીઓ માટે વધુ એક આકર્ષણ તૈયાર કરવા રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન તંત્રે કવાયત શરૂ કરી છે. મલ્ટિલેવલ કાર પાર્કિંગના ધાબા ઉપર રૂફટોપ પ્રીમિયમ રેસ્ટોરન્ટ બનાવવામાં આવશે. તંત્ર તરફથી આ અંગે બીડરો પાસે ઓફર મંગાવવામાં આવી છે. રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ડાઈનિંગ રેસ્ટોરન્ટ તથા ફૂડ કીઓસ્ક માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ ને લઈ આશાવાદ વ્યક્ત કર્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય રિવરફ્રન્ટની પશ્ચિમ વિંગ ઉપર આવેલા અટલબ્રિજ અને ઈવેન્ટ ગ્રાઉન્ડ સાથે જોડાયેલા મલ્ટિલેવલ કાર પાર્કિંગના ધાબા ઉપર એક આકર્ષક પ્રીમિયમ ફાઈન ડાઈનિંગ રેસ્ટોરન્ટ અને કેફે વિકસાવાનો છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
• મુગટ • ગાદી સેટ • પારણાં • સિંહાસન • મોરલી • કુંડળ
માતાજીનો શણગાર • ફેન્સી ચુંદડી • પવિત્રા • લેટેસ્ટ હાર • સ્પે. અત્તર
• સુગંધીદાર અગરબત્તી • ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.